


સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના રાયગઢ ગામે છેલ્લા કેટલાય વર્ષોથી ગ્રામજનોની રક્ષા કરનાર એવા વૈજનાથ દાદાના મંદિરના પ્રાંગણમાં શુક્રવારને મહાશિવરાત્રીએ યુવાનો દ્વારા આબેહૂબ અમરનાથદાદાનું દ્રશ્ય અહિં ઉભુ કરાયું હતું. અને ૨૪૦ કિલો ઘીમાંથી શિવલિંગ બનાવવામાં આવ્યું છે. જેના દર્શન માટે પ્રવેશતાની સાથે લાગે છે કે અમરનાથના દર્શન કર્યા હોય તેવુ લાગે છે. આ મંદિરે ગત મહાશિવરાત્રીએ ત્રણલાખ રૂદ્રાક્ષથી ૩૦ ફૂટ ઊંચું શિવલિંગ બનાવાયું હતું. ત્યારે આજે ઘીમાંથી બનાવેલ શિવલિંગના દર્શને મોટી સંખ્યામાં ભક્તો દર્શનાર્થે ઉમટી પડ્યા હતા.

## આ પણ વાંચીએ...

### ● રસ્તો ભુલેલા પાયલોટે રસ્તા પર ઉતાર્યું હેલીકોપ્ટર

કઝાકિસ્તાનમાં એક અત્યંત રોચક બનાવ બન્યો છે. અહીં એક પાયલોટે રસ્તો પુછવા માટે પોતાનું હેલીકોપ્ટર હાઈવે પર ઉતાર્યું હતું. પાયલોટ દિશા ભટકી ગયો હતો. આથી તેણે આકાશમાં અહીં તહીં ભટકવાના બદલે હેલીકોપ્ટરને એક હાઈવે પર ઉતાર્યું હતું અને ટ્રક ડ્રાઈવરને માર્ગ પુછી ફરીથી હેલીકોપ્ટર ઉડાડયું હતું.

### ● એક વિડીયો પોસ્ટ કરી આ બાળક કમાય છે એક લાખ રૂપિયા

છ વર્ષની ઉંમરના બાળકો હજુ તો માંડ સ્કુલે જતા થાય છે પરંતુ



કોચ્ચીનો નિહાલ રાજ તેની ઉંમરના બધા જ બાળકોથી અલગ છે. છ વર્ષનો નિહાલ રાજ યુ ટયુબ પર સેલીબ્રિટી બની ગયો છે. આ ઉંમરના બાળકોને શું ખાવું તેની સમજ નથી હોતી ત્યાં નિહાલ જાતભાતની રસોઈ કરી જાણે છે. કુકીંગને પેશન બનાવી ચુકેલા છ વર્ષીય નિહાલ રાજની પોતાની યુ ટયુબ ચેનલ છે. જેના પર વીડિયો પોસ્ટ કરી તે દરેક વીડિયો દીઠ એક લાખ રૂપિયાની કમાણી કરે છે.

### ● મફતમાં લઈ જાઓ શાકભાજી આવું કહેતાં જ લોકો તુટી પડયા

શાકભાજીના ખુબ નીચા ભાવોથી આજકાલ ખેડૂતો ખુબ પરેશાન છે. રાજપીપળામાં



રીંગણ અને વટાણાના ભાવો ગગડી જતા ખેડૂતોએ તેને મફતમાં વેચવાનું શરુ કર્યું હતું. ખેડૂતોને માત્ર બે રૂપિયા સુધીનો ભાવ મળતો હોવાથી તેઓ મફતમાં શાકભાજી આપી રહ્યા છે. મફતમાં શાકભાજી મળતા લોકોએ રીતસર પડાપડી કરી હતી. ખેડૂતોને રડવાનો વારો આવ્યો છે. જયારે લોકો મફતના ભાવે શાકભાજી મળતા ખુશખુશાલ થઈ ગયા છે.

# પ્રાંતિજ ખાતે શ્રી માર્કન્ડેશ્વર મહાદેવ દાદાની નગરયાત્રા નિકળી

## શિવભકતોએ દાદાની ઘરે પધરામણી કરાવી આરતી ઉતારી ધન્યતા અનુભવી

પ્રાંતિજ, તા.૨૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ શ્રી માર્કેન્ડશ્વર મહાદેવ દાદાની મહાદેવ મંદિર સહિત શિવમંદિરોમાં જઈ શિવ ભક્તોના ઘરે-ઘરે દાદાએ પધરામણી કરી હતી જેમાં શિવભકતો દ્વારા દાદાની ઘરે પધરામણી કરાવીને



દર વર્ષની જેમ આ વર્ષે પણ દાદાની ધામધૂમથી નગરયાત્રા નિકળી હતી જેમાં શિવભકતોએ દાદાની ઘરે ઘરે પધરામણી કરાવીને આરતી ઉતારી ધન્યતા અનુભવી.

પ્રાંતિજ ખાતે આવેલ પ્રાચીન મંદિરના શ્રી માલ્કડેશ્વર મહાદેવ દાદાની વર્ષોથી ચાલી આવતી પરંપરા મુજબ શિવરાત્રીના દિવસે દાદાની નગરયાત્રા નિકળી હતી અને શ્રી માલ્કન્ડેશ્વર મહાદેવ મંદિરથી પ્રાંતિજ બજાર વિસ્તારમાં આવેલ શ્રી હરીહરેશ્વર મહાદેવ, શ્રી જબરેશ્વર મહાદેવ, શ્રી કાશીવિશ્વનાથ આરતી ઉતારીને ધન્યતા અનુભવી હતી. જયારે પ્રાંતિજ સહિત તાલુકામાં આવેલ શિવમંદરોમાં ભકતોની સવારથી જ વિવિધ મંદિરોમાં ભીડ જોવા મળી હતી અને શિવમંદિરોમાં યજ્ઞો સહિતના દિવસ દરમ્યાન વિવિધ કાર્યક્રમો યોજાયા હતાં જયારે પ્રાંતિજ તપોધન ફડીમાં આવેલ શ્રી કાશી વિશ્વનાથ મહાદેવ મંદિર ખાતે રધુરૂદ્ર યજ્ઞ યોજાયો હતો .જયારે દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રી માર્કડેશ્વર મંદિર વ્યવસ્થાપકો દ્વારા ખુબજ સુંદર રીતે આયોજન કરવામાં આવ્યું હતું.

# બોરીયા-શીતવાડા માર્ગ બનાવાવ તંત્રના ઠાગા-ઠૈયા

## તંત્ર દ્વારા ૩.૫ મીટરનો બનાવવાનો હતો અને ગ્રામજનોની માંગ ૫.૩૦ મીટરની બનાવવાની હઠ પકડતાં તંત્રએ રોડ બનાવવાનું ટાળ્યુ : મજૂર સહિત મશીનરી ઉઠાવી લેવામાં આવી

પ્રાંતિજ, તા.૨૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના બોરીયાથી સીતવાડા તરફ જતા માર્ગનું કામ આરએન્ડબી દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું અને રોડ પહેલા હતો એટલો બનતો હોવાથી ગ્રામજનોએ વિરોધ કરતાં તંત્રએ હાલ રોડ બનાવવાનું ટાળ્યું છે.

પ્રાંતિજના બોરીયાથી સીતવાડા જતા માર્ગનું નવીન કામ ચાલું થવાનું હતું પણ રોડ માત્ર ૩.૫ મીટર હતો અને તેટલો જ રોડ નવો બનવાનો હતો પરંતુ ગ્રામજનો તથા પૂર્વ જીલ્લા પ્રમુખ જયેન્દ્રસિંહ, ગામના જ જિલ્લા સદસ્ય મીલ્કતસિંહ રાઠોડ તથા સરપંચ રણજીતસિંહ રાઠોડ વગેરે દ્વારા પહોળા રોડની માંગ કરતાં ચાલુ રોડનું કામ થતાં પહેલાં તંત્રએ બનાવવાનું ટાળ્યું અને મજૂરો તથા મશીનરી સાઈડ ઉપરથી ઉઠાવી લેવામાં આવી હતી ત્યારે આ અંગે



આરએન્ડબી હિંમતનગર પી.જી. પટેલને પૂછતા તેમણે જણાવ્યું કે અમારે તો સરકારમાંથી જેટલું માપ મંજૂર થયું હોય અને માપ મંજૂર થઈને આવે એટલે જ કામ કરવાનું હોય છે અને પહોળો માર્ગ જોઈતો હોય તો રાજય સરકારમાંથી મંજુર થઈને આવશે તો અમે ચોક્કસ નવીનરોડનું કામ શરૂ કરીશું.

# આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ નિમિત્તે આંધ્ર બેંક દ્વારા હિન્દી નિબંધ સ્પર્ધા

આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસે આંધ્ર બેંક દ્વારા દાણીલીમડા ગુજરાતી શાળા (સ્કુલ) નં. ૧ અને




૩માં હિન્દી નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અવસર પર આંધ્ર બેંકના આસિસ્ટન્ટ જનરલ મેનેજર શ્રી આઈ.એ.એસ. મૂર્તિ રાજભાષા અધિકારીશ્રી સંજય પ્રસાદ અને શાખા મેનેજરશ્રી પી.બી. કામદાર હાજર રહ્યા હતા. આ સ્પર્ધામાં ૧૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધા બે વિષયો બેટી બચાઓ અભિયાન પર વિચાર અને જન સ્વાસ્થ્ય અભિયાન પર યોજાઈ હતી. વિજેતા વિદ્યાર્થીઓને બેંક દ્વારા ઈનામ આપવામાં આવ્યું હતું. બેંકના આસિસ્ટન્ટ જનરલ મેનેજરશ્રી આઈ.એસ.એસ. મૂર્તિએ બંને વિષયો પર વિદ્યાર્થીઓના પ્રતિભાવ લીધા હતા અને તેમને હિન્દી તથા માતૃભાષા સાથે વધુમાં વધુ જોડાઈ રહેવા માટે પ્રેરિત કર્યા હતા. શાળાના આચાર્ય બુજીભાઈ સંઘરીયાતે કહ્યું કે આ પ્રકારની સ્પર્ધાનું આયોજન શાળાઓમાં થતું રહેવું જોઈએ. આ પ્રકારની સ્પર્ધાઓથી વિદ્યાર્થીઓમાં અભ્યાસ માટેની રૂચિ વધે છે.

# અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં વીસ દિવસમાં ૪૦ કરોડની તુવેરનું વેચાણ

મોડાસા, તા. ૨૪

ખેડૂતોને તેમની ફસલના પોષણક્ષમ ભાવો બજારે નહિ મળતા હોય ખેડૂતોને ભાવોમાં રક્ષણ આપવાના શુભાશયથી સરકારે અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં મગફળી પછી હવે તુવેરના ૭ કેન્દ્રો શરૂ કરીને ટેકાના ભાવે તુવેર પણ ખરીદવામાં આવી રહી છે. જેમાં ૨૦ દિવસમાં જ ૪૦ કરોડની તુવેર ખરીદવામાં આવી છે.

મગફળીની જેમ જ ટેકાના ભાવે તુવેર ખરીદી પણ સાબરડેરીએ સાબરકાંઠા જિલ્લા ખરીદ વેચાણ સંઘ દ્વારા બંને જિલ્લાઓમાં સાત કેન્દ્રો ઉપર શરૂ કરતાં તેનો અપેક્ષા કરતાં પણ ખૂબ વધારે મોટો પ્રતિસાદ મળતા ૪૦ કરોડની તુવેર ખરીદાતા અનેક તર્કવિતર્ક ઉભા થતા અને બિનખેડૂતો એવા કેટલાક તકસાધુ વેપારીઓ અમુક જ કેન્દ્રો ઉપર ખેડૂતોના સાત-બારના ઉતારા ઉપર પોતાનો તુવેરનો સ્ટોક ટેકાના ભાવે મોટા માર્જીનમાં વેચીને ઘી-કેળા કરી રહ્યા હોવાની ફરિયાદો મળતા આ અંગે ખૂબ જ ઝીણવટભરી રીતે તપાસ થાય તો તુવેરમાં નિર્દોષ ખેડૂતોના નામે તેવા ખેડૂતોને ભરમાવીને તેમના ઉતારા મેળવી ટેકાના ભાવે તુવેર વેચાણ કેન્દ્રો ઉપર બિન્દાસ વેચાણ કરવાનું કૌભાંડ પણ બહાર આવે તેમ છે. સરકાર જ્યારે ખેડૂતોના હિતમાં કરોડો રૂપિયા નાખીને ભાવોનું ખેડૂતોને રક્ષણ આપતી હોય ત્યારે જો આ પ્રકારે તેનો દુરૂપયોગ થતો હોય તો આખરે સાચા ખેડૂતોના જ હિતો જોખમાય તેમ હોઈ કોઈપણ ખેડૂતે બિનખેડૂતને પોતાના દાખલા કે ઉતારા નહિ આપવા અને વેપારી કે બિનખેડૂતનો મનસૂબો બર નહિ આવવા દેવા ખેડૂતોને સાવચેતી રાખવા અનુરોધ કરાયો છે.

# ધર્મજમાં ગજ્જર સુથાર સમાજનો ૧૦મો સમુહ લગ્નોત્સવ યોજાયો

ધર્મજ, તા. ૨૪

ગજ્જર સુથાર સમાજ




ગુજરાતનો ૧૦મો સમુહ લગ્નોત્સવ તાજેતરમાં ધર્મજ જલારામ મંદિર, જી. આણંદમાં યોજાયેલ હતો. જેમાં ૨૦ નવયુગલો લગ્નગ્રંથીથી જોડાયા. દરેક નવયુગલોને સોના-ચાંદી, તિજોરી, પલંગ, ગાદલાથી માંડી ઘરવખરી સહિત ૬૮ વસ્તુઓ ભેટ અપાઈ હતી. સમુહ લગ્નમાં ૬૦૦૦ જ્ઞાતિજનો ઉપસ્થિત રહ્યા હતા. દીપ પ્રાગટ્ય ગિરીશભાઈ મિસ્ત્રી, ઘનશ્યામ સુથાર, નીખીલભાઈ ગજ્જર, વિનોદભાઈ સુથાર, અમીતભાઈ ગજ્જર, જગદીશભાઈ વઢવાણા, સમાજ કલ્યાણ અધિકારી આણંદ તથા સુથાર તથા કે.પી. જોષી સમાજ કલ્યાણ અધિકારી, સુરેન્દ્રનગર, ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાતના પ્રમુખ ઠાકોરભાઈ મિસ્ત્રી, સમાજના પ્રમુખ અરવિંદભાઈ સુથાર, ડાહ્યાભાઈ ગજ્જર, અંબુભાઈ સુથાર, દિનેશભાઈ સુથાર, ધર્મજ સરપંચ મકવાણા ઉપસ્થિત રહ્યા હતા. સંચાલન ટીનાબેન સુથાર અને જીતુભાઈ ચુવાવાળા અને ચંદ્રકાંત મિસ્ત્રીએ કરેલ હતુ.

## સાહિત્યવૃત્ત ● ૪ પાનાનું ચાલુ...

વખારિયાના ગઝલસંગ્રહ 'અર્થ શ્રીમદ્ ગઝલ'ની પારિતોષિક અર્પણ સમારોહ સંસ્કાર ભવન, સાહિત્ય સંગમ, સુરતમાં નાનુભાઈ નાયીના પ્રમુકસ્થાને યોજાઈ ગયો. રવિન્દ્ર પારેખે નિર્ણાયક તરીકે કવિ રાકેશ હાંસલિયાના ગઝલસંગ્રહનો આસ્વાદ કરાવ્યો હતો. જયારે કિરણસિંહ ચૌહાણે નિર્ણાયક તરીકે સુરતના કવિ પંકજ વખારિયાના ગઝલ સંગ્રહનો પુસ્તક પરિચય કરાવ્યો હતો. બંને કવિઓએ પ્રતિભાવમાં આનંદ વ્યક્ત કર્યો હતો. બકુલેશ દેસાઈએ મનહરલાલ ચોકસીને શબ્દોથી ભાવાંજલિ અર્પી, વિજેતા કવિઓનો પરિચય કરાવ્યો હતો. જનક નાયકે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

● વડોદરાના ગઝલાર સુરેશ પરમાર 'સૂર'ના ગઝલસંગ્રહ 'ગુનો કબૂલ છે' અને ગઝલોના આલ્બમ 'ઝરૂખે ટહેલતાં'નો વિમોચન અને લોકાર્પણ કાર્યક્રમ યોજાઈ ગયો, જેમાં ડૉ. રશીદ મીરે ગ્રંથનો આસ્વાદ કરાવ્યો હતો. કાર્યક્રમનું સંચાલન બ્રિજેશ પંચાલે કર્યુ હતું. આ પછી પ્રતાપસિંહ ડાભી 'હાકલ'ના સંચાલનમાં સર્વ ડૉ. રશીન મીર, ડૉ. દીના શાહ, મીનાક્ષી ચંદારાણા, રાજ બ્રહ્મભટ્ટ અને અન્ય ગઝલકારોનો મુશાયરો યોજાયો હતો.

- muljibhaidadhi@gmail.com

## અતિથિ બનશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રાજ્ય વિધાનસભાનું અંદાજપત્ર સત્ર ચાલી રહ્યુ છે ત્યારે રાજ્યના અર્થતંત્રમાં કેશલેસ સોસાયટીની રચનાથી થનારા ફેરફારો પણ મહત્વના પુરવાર થશે. આ સત્ર દરમ્યાન સરકાર પણ આ માટે કોઈ વિશેષ જાહેરાત કરી શકે છે તેમ સચિવાલયના બિનસત્તાવાર સૂત્રોએ જણાવ્યુ છે.

દેશમાં નીતિ આયોગની રચના પછી તેના સી.ઈ.ઓ. ગુજરાત પ્રથમવાર આવી રહ્યા હોઈ તેમની આ મુલાકાતને પણ વધુ મહત્વની લેખવામાં આવી રહી છે. આ માટે તંત્ર દ્વારા આજે રજાના દિવસે પણ તડામાર તૈયારીઓ કરવામાં આવી હતી.

## જોડાણના સંકેત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ફડણવીસને કરવા જવાબદારી સોંપવામાં આવી છે. બંનેને આનો અધિકાર છે. ગડકરીએ એક પ્રશ્નના જવાબમાં કહ્યું છે કે મેયર કઈ પાર્ટીના રહેશે તે બાબત અંગે નિર્ણય તો ચર્ચા બાદ જ લઈ શકાશે. હિન્દુત્વના આધાર પર બંને પક્ષો મળ્યા હતા. ભાજપ અને શિવસેનાના આ પ્રશ્ને કોઈ મતભેદ નથી. પદને સેકન્ડરી માનીને રસ્તા કાઢી શકાય છે. મુંબઈના હિતમાં આ બાબત મહત્વની રહેશે. બીએમસી ચૂંટણીના પરિણામોમાં સત્તાના ગણિત જટીલ છે. શિવસેના ૮૪ અને ભાજપને ૮૨ બેઠકો મળી છે. જાદુઈ આંકડો ૧૧૪નો છે. ભાજપનો દાવો છે કે ચાર અપક્ષની સાથે તે સૌથી મોટી પાર્ટી છે. જ્યારે શિવસેના મેયર પદને લઈને દાવો કરી ચુકી છે. બીએમસીની ચૂંટણી સહિત મહારાષ્ટ્રમાં સ્થાનિક ચૂંટણીમાં શાનાદાર દેખાવ કરીને ભાજપે તેના હરિફ પક્ષોની બોલતી બંધ કરી દીધી છે. મહારાષ્ટ્રમાં ૧૦ જગ્યાએ ચૂંટણી યોજાઈ હતી. જે પૈકી ભાજપે મોટા ભાગે તમામ જગ્યાએ જોરદાર સપાટો બોલાવ્યો છે.ય શિવસેનાએ નોટબંધીનો નિરોધ કરીને બીએમસીની ચૂંટણીમાં એકલા હાથે મેદાનમાં ઉતરી જવાનો નિર્ણય કર્યો હતો. હવે ભાજપે તેને જોરદાર ટક્કર આપી છે. મુંબઈના પરિણામથી ભાજપના કેન્દ્રિય નેતાઓ ભારે ખુશ છે. ઉત્તરપ્રદેશમાં જોરદાર ટ્ક્કર વચ્ચે મુંબઈના પરિણામ આવ્યા છે. ભાજપે મહારાષ્ટ્રમાં ૧૦ પૈકી આઠ શહેરોના નગર નિગમ પર ચૂંટણીમાં જીત મેળવી લીધી છે. ભાજપે માત્ર મુંબઈમાં જ જોરદાર દેખાવ કર્યો નથી બલ્કે પૂણે, અમરાવતી, નાગપુર અને નાસિકમાં ભાજપે જોરદાર સપાટો બોલાવ્યો છે. બીએમસીની ચૂંટણીમાં કોંગ્રેસનો દેખાવ ખૂબ જ કંગાળ રહ્યો છે. દેશની સૌથી અમલી ગણાતી બીએમસીની ચૂંટણીના પરિણામ ઉપર તમામનું ધ્યાન કેન્દ્રિત થયું હતું. બીએમસીની ચૂંટણીમાં કુલ ૨૨૭ વોર્ડ પૈકી ભાજપે જોરદાર સપાટો બોલાવ્યો છે. શિવસેના સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવી છે. શિવસેનાના ૮૪, ભાજપને ૮૨, કોંગ્રેસને ૩૧, એનસીપીને ૧૦ અને એમએનએસને ૭માં જીત મળી છે. મહારાષ્ટ્રમાં પણ અન્ય મ્યુનિસિપલ બોડીમાં ભાજપે જોરદાર સપાટો બોલાવ્યો છે. શિવસેનાએ થાણેમાં જીત મેળવી છે. બીએમસી દેશના સૌથી મોટા મ્યુનિસિપલ બોડી તરીકે છે. અહીનું બજેટ ૨૦૧૬-૧૭માં ૩૭૦૦૦ કરોડની આસપાસનું રહ્યું હતું.

## પાંચમાં ચરણમાં... ● અનુસંધાન પહેલાનું ચાલુ

થશે. ઉત્તરપ્રદેશમાં રાજકીય પક્ષો એકબીજાને પછાડી દેવા માટે તમામ તૈયારી કરી ચુક્યા છે.મતગણતરીની પ્રક્રિયા ૧૧મી માર્ચના દિવસે યોજાશે. ગઠબંધનની ગાંઠ અને ગાયત્રીના આધાર ઉપર અખિલેશ યાદવ ઉત્તરપ્રદેશમાં ૩૦૦ બેઠકો જીતવા માટે દાવો કરી રહ્યા હતા પરંતુ આ તબક્કામાં મડાગાંઠ દેખાઈ રહી છે. અમેઠીમાંથી સપા સરકારના ચર્ચાસ્પદ ગાયત્રી પ્રસાદ પ્રજાપતિ મેદાનમાં છે. માઈનીંગ કૌભાંડને લઈને વિપક્ષને સતત પ્રહાર વચ્ચે સુપ્રિમ કોર્ટના આદેશ બાદ બળાત્કારનો પણ આક્ષેપ થયા બાદ ગાયત્રી પોતે મુશ્કેલીમાં મુકાયેલા છે. મુખ્યમંત્રી અખિલેશ યાદવ તેના નામ લેવાને લઈને મુશ્કેલી અનુભવી રહ્યા છે. બીજી બાજુ કોંગ્રેસી નેતા સંજયસિંહની બંને પત્ની ગાયત્રીના માર્ગેને રોકવા માટે તૈયાર છે. અયોધ્યાને લઈને પણ મહત્વપૂર્ણ પ્રશ્નો થઈ રહ્યા છે. ૨૦૧૨માં સમાજવાદી પાર્ટીના તેજ નારાયણ ઉર્ફે પવન પાંડે આ બેઠકને ૨૧ વર્ષ બાદ ભાજપ પાસેથી આંચકી લેવામાં સફળ રહ્યા હતા. આ વખતે ગોંડામાંથી ધારાસભ્ય મંત્રી વિનોદકુમાર ઉર્ફે પંડિત સિંહ આ વખતે સપાના ઉમેદવાર બનેલા છે. સીએમઓના અપહરણમાં ચર્ચામાં આવેલા પંડિતને પ્રધાનમંડળમાંથી દુર કરવામાં આવ્યા હતા પરંતુ ત્યારબાદ તેમની ફરી વાપસી થઈ હતી.

## નબળો દેખાવ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

રનના સ્કોર પર ઉમેશ યાદવને આઉટ કરીને ભારતની ઈનીંગ્સને સમેટી લીધી હતી. પ્રથમ ઈનીંગ્સના આધાર ઉપર ઓસ્ટ્રેલિયાને ૧૬૦ રનની લીડ મળી હતી. ભારતીય ટીમ દુનિયાની નંબર એક ટીમ ટેસ્ટ ક્રિકેટમાં છે અને સ્થાનિક મેદાન પર છેલ્લી છ સિરિઝમાં તેને હારનો સામનો કરવો પડ્યો નથી. આવી સ્થિતિમાં તેની ઉપર હારનું સંકટ તોળાઈ રહ્યું છે. લંચ સુધી ભારતે ૨૫ ઓવરમાં ત્રણ વિકેટે ૭૦ રન બનાવ્યા હતા. ત્યારબાદ મેચ બરોબર દેખાઈ રહી હતી પરંતુ લંચ બાદ રમત એકાએક બદલાઈ ગઈ હતી. ત્યારબાદ ભારતીય ટીમે ૧૧ રનમાં સાત વિકેટ ગુમાવી હતી. ઓકીફે તરખાટ મચાવ્યો હતો. પૂણેના મહારાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન મેદાન ખાતે રમાઈ રહેલી પ્રથમ ટેસ્ટ મેચના બીજા દિવસે આજે પ્રથમ સેસનમાં જ ઓસ્ટ્રેલિયા તેના પ્રથમ દાવમાં ૨૬૦ રન કરીને ઓલઆઉટ થઈ ગયુ હતુ. ભારત તરફથી કેપ્ટન વિરાટ કોહલી શુન્ય રને આઉટ થયો હતો. ભારતે તેના પ્રથમ દાવની નિરાશાજનક શરૂઆત કરી હતી. મુરલી વિજય માત્ર ૧૦ રન કરીને આઉટ થયો હતો. જ્યારે ચેતેશ્વર પુજારા છ રન કરીને આઉટ થયો હતો. ઓસ્ટ્રેલિયા પ્રથમ દાવમાં નવ વિકેટે ૨૫૬ રનથી આગળ રમતા વધારે સંઘર્ષ કરી શક્યુ ન હતુ. તે ૨૬૦ રનમાં આઉટ થઈ ગયુ હતુ. ભારત તરફથી ઉમેશ યાદવે ચાર વિકેટ ઝડપી હતી. જ્યારે અશ્વીને ત્રણ વિકેટ ઝડપી હતી. સ્ટાર્ક ૬૧ રન કરીને આઉટ થયો હતો. ટેસ્ટ મેચના પ્રથમ દિવસે ઓસ્ટ્રેલિયન કેપ્ટન સ્ટીવ સ્મીથે ટોસ જીતીને પ્રથમ બેટીંગ કરવાનો નિર્ણય કર્યા બાદ તેને આ નિર્ણય નિરાશાજનક સાબિત થયો હતો. ઓસ્ટ્રેલિયાએ નિયમિત ગાળામાં એક પછી એક વિકેટો ગુમાવી હતી. ભારતે ઓગસ્ટ ૨૦૧૫ બાદથી કોઈપણ ટેસ્ટ મેચ ગુમાવી નથી. ભારતે સતત ૧૯ ટેસ્ટ મેચોમાં જીત મેળવી છે અથવા તો ટેસ્ટ મેટ ડ્રોમાં પરણમી છે. ભારતે છેલ્લી મેચ શ્રીલંકામાં ગાલે ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે ગુમાવી હતી. ત્યારબાદથી કોઈ શ્રેણીમાં ભારતની હાર થઈ નથી. ગયા વર્ષે ભારતે વિન્ડિઝ સામે એક ટેસ્ટ શ્રેણી બહાર રમી હતી. ઘરઆંગણે ભારતનું પ્રભુત્વ રહ્યું છે. છેલ્લી ૨૦ ઘરઆંગણેની ટેસ્ટ મેચોમાં ભારત ૧૭ ટેસ્ટ મેચો જીતી છે અને ત્રણ ટેસ્ટ મેચો ડ્રો થઈ છે. ડિસેમ્બર-૨૦૧૨માં કોલકાતામાં ઈંગ્લેન્ડ સામે ભારતની ઘરઆંગણે હાર થઈ હતી. બીજી બાજુ ઓસ્ટ્રેલિયા એશિયામાં તેમની છેલ્લી નવ ટેસ્ટ મેચોમાં હારનો સામનો કર્યો છે.પુણે ટેસ્ટ શરૂઆતના પ્રથમ દિવસે જ રોમાંચક તબક્કામાં પ્રવેશી હતી.